# અલ્લાહ કોને પસંદ કરે છે?

## ALLAH'S LIKES & DISLIKES


**: સંકલન :**

hadi1981@ymail.com



**સંદર્ભ:** કુરઆને મજીદ

**આવૃતિ:** જૂન–૨૦૧૬

**: પ્રકાશક :**

www.hadilibrary.org

# બિસ્મીલ્લાહિ ર્રહમાનિ ર્રહીમ

## અલ્લાહ કોને પસંદ કરે છે?

દરેક મોઅમીન બંદાની એ દિલી તમન્ના હોય છે કે અલ્લાહ તેને પસંદ કરે, અલ્લાહ તેને દોસ્ત રાખે, અલ્લાહ તેને ચાહે. આવો આપણે કુરઆને મજીદ પાસેથી માર્ગદર્શન મેળવીએ અને પુછીએ કે,‘‘અલ્લાહ કોને પસંદ કરે છે?’’

| ક્રમ | આયત (અરબી અને ગુજરાતી) |
|---|---|
| 1 | وَأَحْسِنُوْا إِنَّ اللهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ<br><br>**વ અહસેનૂ, ઈન્નલ્લાહ યુહીબ્બુલ મુહસેનીન**<br><br>અને નેકી તથા ભલાઈ કરો. બેશક અલ્લાહ નેકી અને ભલાઈ કરનારાઓને પસંદ કરે છે (૨ : ૧૯૫) |

| | |
|---|---|
| 2 | إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِينَ<br><br>**ઈન્નલ્લાહ ચુહીબ્બુલ મુકસેતીન**<br>બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે (૫ : ૪૨) |
| 3 | إِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِينَ وَيُحِبُّ الْمُتَطَهِّرِينَ<br><br>**ઈન્નલ્લાહ ચોહીબ્બુ ત્તવ્વાબીન વ ચોહીબ્બુલ્ મુતતહ્હેરીન**<br>બેશક અલ્લાહ ખૂબ જ તૌબા કરનારાઓ અને પાક રહેનારાઓને પસંદ કરે છે (૨ : ૨૨૨) |

| | |
|---|---|
| 4 | إِنَّ اللَّهَ يُحِبُّ الَّذِينَ يُقَاتِلُونَ فِي سَبِيلِهِ صَفًّا كَأَنَّهُم بُنْيَانٌ مَّرْصُوصٌ<br>ઈન્નલ્લાહ યોહીબ્બુ લ્લઝીન યુકાતેલૂન ફી સબીલેહી કઅન્નહુમ બુનયાનું મરસૂસ<br>બેશક અલ્લાહ પસંદ કરે છે એ લોકોને કે જેઓ અલ્લાહની રાહમાં એવી રીતે હાર બાંધીને લડે છે કે જાણે સીસુ પાયેલી દીવાલ. (૬૧ : ૪) |

| | |
|---|---|
| 5 | قُلْ إِن كُنتُمْ تُحِبُّونَ اللَّهَ فَاتَّبِعُونِي يُحْبِبْكُمُ اللَّهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ<br>કુલ ઈન કુનતુમ તોહીબ્બુન લ્લાહ ફત્તબેઉની યુહબીબકોમુલ્લાહો વ યગફીર લકુમ ઝોનૂબકુમ, વલ્લાહો ગફુરૂર રહીમ<br>(અય રસૂલ!) કહી દયો કે અગર તમે અલ્લાહને પસંદ કરો છો, તો મારી પૈરવી કરો, અલ્લાહ પણ તમને પસંદ કરશે, તે તમારા ગુનાહોને પણ માફ કરી આપશે, અને અલ્લાહ તો ખૂબ જ માફ કરનાર (અને) દયા કરનાર છે. (૩ : ૩૧) (રસૂલની પૈરવી કરનારને અલ્લાહ પસંદ કરે છે) |

| | |
|---|---|
| 6 | إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِينَ<br><br>**ઈન્નલ્લાહ ચુહીબ્બુલ મુત્તકીન**<br>બેશક અલ્લાહ તકવા ધરાવનારા લોકોને પસંદ કરે છે (૩ : ૭૬) (તકવા એટલે હરામ કામોથી દૂર રહેવું અને વાજીબ કામોને તર્ક ન કરવા) |
| 7 | إِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِينَ<br><br>**ઈન્નલ્લાહ ચુહીબ્બુલ મુતવક્કેલીન**<br>બેશક અલ્લાહ તવક્કલ ધરાવનારાઓને પસંદ કરે છે (૩ : ૧૫૯) (તવક્કલ: પોતાના કાર્યોમાં અલ્લાહ ઉપર જ આધાર અને ભરોસો રાખવો) |

| | |
|---|---|
| 8 | وَاللَّهُ يُحِبُّ الصَّابِرِينَ<br>**વલ્લાહો યુહીબ્બુ સ્સાબેરીન**<br>અને અલ્લાહ સબ્ર કરનારાઓને પસંદ કરે છે (૩ : ૧૪૬) |
| 9 | إِنَّ اللَّهَ لَا يُحِبُّ مَن كَانَ خَوَّانًا أَثِيمًا<br>**ઈન્નલ્લાહ લા યોહીબ્બો મન કાન ખવ્વાનં અસીમા**<br>બેશક અલ્લાહ પસંદ નથી કરતો ખયાનત (વિશ્વાસઘાત) કરનાર (અને) ગુનાહ કરનારને. (૪ : ૧૦૭) |
| 10 | إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْخَائِنِينَ<br>**ઈન્નલ્લાહ લા યોહીબ્બુલ ખાએનીન**<br>બેશક અલ્લાહ પસંદ નથી કરતો ખયાનત કરનારા લોકોને. (૮ : ૫૮) |

| | |
|---|---|
| 11 | إِنَّ اللَّهَ لَا يُحِبُّ كُلَّ خَوَّانٍ كَفُورٍ<br><br>**ઈન્નલ્લાહ લા યોહીબ્બો કુલ્લ ખવ્વાનીન કફૂર**<br><br>બેશક અલ્લાહ પસંદ નથી કરતો દરેક ખયાનત કરનાર (અને) નાશુક્રાને. (૨૨ : ૩૮) |
| 12 | وَلَا تُسْرِفُوا إِنَّهُ لَا يُحِبُّ الْمُسْرِفِينَ<br><br>**વ લા તુસ્રેફુ ઈન્નહુ લા યુહીબ્બુલ મુસ્રેફીન**<br><br>અને તમો કદીપણ ઈસ્રાફ ન કરો, બેશક અલ્લાહ ઈસ્રાફ કરનારા લોકોનેપસંદ નથી કરતો. (૬ : ૧૪૧) (ઈસ્રાફ: નકામો ખર્ચ, ઉડાઉપણું, દુર્વ્યય, વેડફી નાખવું) |

| | |
|---|---|
| **13** | وَاللّٰهُ لَا يُحِبُّ الْفَسَادَ<br><br>**વલ્લાહો લા યોહીબ્બુલ ફસાદ**<br>**અને અલ્લાહ તો હરગીઝ ફસાદને પસંદ નથી કરતો. (૨ : ૨૦૫) (<u>ફસાદ:</u> બગાડ, સડો, ખરાબી, બુરાઈ, અપ્રમાણિકતા, ભ્રષ્ટાચાર, વિકૃતિ)** |
| **14** | وَاللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِينَ<br><br>**વલ્લાહો લા યુહીબ્બુલ મુફસેદીન**<br>**અને અલ્લાહ હરગીઝ પસંદ નથી કરતો ફસાદ ફેલાવનારાઓને. (૫ : ૬૪)** |

| | |
|---|---|
| **15** | لَا يُحِبُّ اللّٰهُ الْجَهْرَ بِالسُّوَءِ مِنَ الْقَوْلِ<br>**લા ચોહીબ્બુલ્લાહુલ જહર બિસ્સૂએ મેનલ કવલે...**<br>અલ્લાહ પસંદ નથી કરતો એ વાતને કે કોઈ જાહેરમાં બીજા કોઈ માટે બુરૂ બોલે... (૪ : ૧૪૮) |
| **16** | وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ أَثِيمٍ<br>**વલ્લાહો લા ચોહીબ્બો કુલ્લ કફ્ફારીન અસીમ**<br>અને અલ્લાહ હરગીઝ પસંદ નથી કરતો દરેક નાશુક્રા (અને) ગુનેહગારને. (૨ : ૨૭૬) |

| | |
|---|---|
| 17 | وَلاَ تَعْتَدُواْ إِنَّ اللّهَ لاَ يُحِبِّ الْمُعْتَدِينَ<br><br>**વ લા તઅતદૂ, ઈન્નલ્લાહ લા યોહીબ્બુલ મુઅતદીન**<br>અને ક્યારેય હદથી વધી ન જતા. બેશક અલ્લાહ હદથી વધી જનારાઓને હરગીઝ પસંદ નથી કરતો. (૨ : ૧૯૦) |
| 18 | إِنَّ اللّهَ لاَ يُحِبُّ الْكَافِرِينَ<br><br>**ઈન્નલ્લાહ લા યોહીબ્બુલ કાફેરીન**<br>બેશક અલ્લાહ કાફીરોને પસંદ નથી કરતો. (૩ : ૩૨) (કાફીરો: અલ્લાહ અને તેના રસૂલની વાતનો ઈન્કાર કરનારાઓ) |

| | |
|---|---|
| 19 | وَاللَّهُ لَا يُحِبُّ الظَّالِمِينَ<br><br>**વલ્લાહો લા યોહીબ્બુ ઝઝાલેમીન**<br>બેશક અલ્લાહ ઝાલિમોને પસંદ નથી કરતો. (૩ : ૫૭) |
| 20 | إِنَّ اللَّهَ لَا يُحِبُّ مَن كَانَ مُخْتَالًا فَخُورًا<br><br>**ઈન્નલ્લાહ લા યોહીબ્બો મન કાન મુખ્તાલં ફખૂરા**<br>બેશક અલ્લાહ હરગીઝ પસંદ નથી કરતો તેને કે જે અકડીને ચાલનાર (અને) મોટાઈ દેખાડનાર હોય છે (૪ : ૩૬) |

| | |
|---|---|
| 21 | لَا تَفْرَحْ إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْفَرِحِينَ<br><br>**લા તફરહ, ઈન્નલ્લાહ લા યોહીબ્બુલ ફરેહીન**<br>કદીપણ (હરખાઈને) ઈતરાવ નહિં, બેશક અલ્લાહ (હરખાઈને) ઈતરાનાઓને હરગીઝ પસંદ નથી કરતો. (૨૮ : ૭૬) |
| 22 | إِنَّهُ لَا يُحِبُّ الْمُسْتَكْبِرِينَ<br><br>**ઈન્નહુ લા યોહીબ્બુલ મુસ્તકબેરીન**<br>બેશક અલ્લાહ કદીપણ અભિમાનીઓને પસંદ નથી કરતો. (૧૬ : ૨૩) |

| | |
|---|---|
| 23 | وَلَا تَفْرَحُوا بِمَا آتَاكُمْ وَاللَّهُ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُورٍ<br>**વ લા તફરહુ બેમા આતાકુમ વલ્લાહો લા યોહીબ્બો કુલ્લ મુખ્તાલીન ફખૂર**<br>અને જે કાંઈ તેણે તમને આપ્યું છે એ બદલ કદીપણ ઈતરાવ નહિં. બેશક અલ્લાહ હરગીઝ અકડીને ચાલનાર (અને) મોટાઈ દેખાડનારને પસંદ નથી કરતો. (૫૭ : ૨૩) |

## :સારાંશ:

**અલ્લાહ પસંદ કરે છે:** નેકી અને ભલાઈ કરનારાઓને, ન્યાયથી વર્તન કરનારાઓને, તૌબા કરનારાઓને, પાક રહેનારાઓને, અલ્લાહની રાહમાં અડગતાથી સંઘર્ષ કરનારાઓને, રસૂલની પૈરવી

કરનારાઓને, તકવા ધરાવનારાઓને, પોતાના કાર્યોમાં અલ્લાહ ઉપર જ આઘાર અને ભરોસો રાખનારાઓને, સબ્ર કરનારાઓને.

**અલ્લાહ પસંદ નથી કરતો:** વિશ્વાસઘાત કરનારાઓને, ગુનાહ કરનારાઓને, ખયાનત કરનારાઓને, નાશુક્રા લોકોને, મળેલી નેઅમતોની કદર ન કરનારાઓને, ઈસ્રાફ કરનારાઓને, ફસાદ કરનારાઓને, જાહેરમાં બીજા માટે બુરૂ બોલાનારાઓને, હદથી વઘી જનારાઓને, કાફીરોને, ઝાલિમોને, અકડીને ચાલનારાઓને, મોટાઈ દેખાડનારાઓને, મળેલી નેઅમતો ઉપર ઈતરાનારાઓને, અભિમાનીઓને.

**રબ્બના તકબ્બલ મીન્ના, ઈન્નક અન્ત સ્સમીઉલ અલીમ**

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીં વ આલે મોહમ્મદ**